## જામનગર મહાનગરપાલિકા

## જાહેરાત ક્રમાંક ૦૯/૨૦૨૩-૨૪ અંગેની વિગતવાર સૂચનાઓ

જામનગર મહાનગરપાલિકા ખાતે ફાયરમેન કમ ડ્રાઇવર વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે વેબસાઈટ https://ojas.gujarat.gov.in પર જાહેરાત પ્રસિદ્ધ કરી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૧/૦૧/૨૦૨૪ (૧૨:૦૦ કલાક) થી તા.૨૫/૦૧/૨૦૨૪ (૨૩:૫૯ કલાક) દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | માસિક ફિકસ પગાર | જગ્યા ની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ફાયરમેન કમ ડ્રાઇવર વર્ગ-૩ (પુરુષ) | ૭મા પગારપંચ મુજબ L-૨ ૧૯૯૦૦ -૬૩૨૦૦ | રૂ.૨૬,૦૦૦/- (ત્રણ વર્ષ માટે) | ૩૮ | ૩૩ વર્ષ | શારીરિક ક્ષમતા / શારીરિક ધોરણો |

## <u>કેટેગરી વાઈઝ જગ્યા</u>

| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ.વર્ગ | આર્થિક નબળા વર્ગ | માજી સૈનિક (જાહેરાતની કુલ જગ્યાઓ પૈકી) |
|---|---|---|---|---|---|
| ૧૩ | ૦૩ | ૦૮ | ૦૯ | ૦૫ | ૦૩ |

<u>નોંધ :-</u>

(૧) આ નિમણુંક માટે લાયકાતના ધોરણો સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નોટીફીકેશન નં. GUJARAT FIRE Prevention and Life Safety AGN NO GH/181 OF ૨૦૧૯/AGN-૧૦૨૦૧૯-ઙL.1, તા.૩૦/૧૧/૨૦૧૯ થી જે નિયમો નિયત થયેલ છે તે તથા જામનગર મહાનગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નં.૪૩, તા.૧૭/૦૭/૨૦૨૧ મુજબના રહેશે.

(૨) આ જાહેરાત સંદર્ભે કોઈ પણ પ્રકારની પૂછ પરછ માટે સામાન્ય વહીવટ વિભાગ, બીજો માળ, લાલ બંગલો જ્યુબીલી ગાર્ડન પાસે, જામનગર મહાનગરપાલિકા ખાતે રૂબરૂ અથવા લેન્ડલાઈન ફોન નં.-૦૨૮૮-૨૫૫૦૨૩૧ થી ૨૩૫, એક્સ. નં. ૨૦૫ / ૨૦૭ ઉપર ઓફીસ સમય દરમ્યાન સવારે ૧૧-૦૦ થી ૦૧-૦૦ અને બપોરે ૦૩-૦૦ થી સાંજે ૦૫-૦૦ કલાક સુધી સંપર્ક કરી શકાશે.

(૩) **શૈક્ષણિક લાયકાત :-**

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧. | ફાયરમેન કમ ડ્રાઇવર વર્ગ-૩ (પુરુષ) | (૧) ઉમેદવારે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર એચ.એસ.સી. (ધોરણ ૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) નેશનલ ફાયર એકેડમી (ગુજરાત સરકાર માન્ય) અથવા નેશનલ ફાયર એકેડમી (કેન્દ્ર સરકાર) અથવા ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટમાંથી ફાયરમેન કોર્ષ / ડ્રાઇવર કમ પંપ ઓપરેટરનો છ માસનો કોર્ષ સફળતા પૂર્વક પાસ કરેલ હોવો જોઈએ.<br>(૩) હેવી મોટર વ્હીકલ્સ (ભારે વાહન)નું લાયસન્સ ધરાવતા હોવા જોઇએ.<br>(૪) ગુજરાત જાહેર સેવા વર્ગીકરણ અને રિક્રુટમેન્ટ (જનરલ) રૂલ્સ-૧૯૬૭ મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ |

**(૪)(A). શારીરિક ધોરણો :-**

| વર્ગ | ઓછામાં ઓછી ઊંચાઈ (સે.મી.) | ઓછામાં ઓછી છાતી (સે.મી.) | | ઓછામાં ઓછું વજન (કી.ગ્રા.) |
|---|---|---|---|---|
| | | સામાન્ય | ફુલાવેલી | |
| ગુજરાત રાજ્યના અનુસુચિત જનજાતિના (S.T.) ઉમેદવારો માટે | ૧૬૦ | ૮૧ | ૮૬ | ૫૦ |
| ગુજરાત રાજ્યના અનુસુચિત જનજાતિ (S.T.) સિવાયના અન્ય વર્ગના ઉમેદવારો માટે | ૧૬૫ | ૮૧ | ૮૬ | ૫૦ |

**નોંધ:-**

**કોઈ પણ સંજોગોમાં ઉમેદવારની છાતી (ફુલાવેલી) ૫ સે.મી. કરતા ઓછી ન હોવી જોઈએ. ૪(A) નીચે દર્શાવેલ શારીરિક ખામીમાંથી કોઈ પણ ખામી ધરાવતા ઉમેદવારને શારીરિક રીતે અયોગ્ય માનવામાં આવશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | Knock Knee | (2) | Pigeon Chest | (3) | Squint Eye |
| (4) | Flat Feet | (5) | Varicose Veins | (6) | Hammer Tees |
| (7) | Fractured Limb | (8) | Decayed Teeth | (9) | Skin Disease |

**(૪)(B). શારીરિક ક્ષમતા:-**

**૪(B)(૧) - સ્વીમીંગ ટેસ્ટ :-**

૧૫૦ સેકન્ડમાં ૧૦૦ મીટર સ્વીમીંગ કરવાનું રહેશે અને સ્વીમીંગ ટેસ્ટમાં નીચે મુજબના સમય અને ગુણ રહેશે. ૧૦૦ મીટર સ્વીમીગમાં ૧૫૦ સેકન્ડ થી વધુ સમય લેનાર ઉમેદવાર નાપાસ ગણાશે.

| સમય (સેકન્ડ) | ૧૫૦ | ૧૪૦ | ૧૩૫ | ૧૩૦ | ૧૨૫ | ૧૨૦ | ૧૧૫ | ૧૧૦ | ૧૦૫ | ૧૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુણ | ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ | ૧૦૦ |

જે ઉમેદવારો સ્વીમીંગ ટેસ્ટમાં નાપાસ થશે તે ઉમેદવારોએ પરત જવાનું રહેશે. તેઓ આ તબક્કેથી બાકાત થશે અને આગળના ટેસ્ટ માટે લાયક ગણાશે નહિ.

**(૪)(B)(૨) - ડીપ ડાઈવીંગ ટેસ્ટ :-**

સ્વીમીંગ ટેસ્ટમાં પાસ થયેલ ઉમેદવારોને ડીપ ડાઈવીંગ ટેસ્ટ આપવાની રહેશે. જેમાં સ્વીમીંગ પુલ અંદર તળિયામાંથી વસ્તુ / પદાર્થ શોધીને બહાર લાવવાનો રહેશે. જે ઉમેદવારો આ ટેસ્ટમાં નાપાસ થશે તે ઉમેદવારોએ પરત જવાનું રહેશે. તેઓ આ તબક્કેથી બાકાત થશે અને આગળના ટેસ્ટ માટે લાયક ગણાશે નહિ.

**(૪)(B)(૩) - રોપ કલાઈમ્બીંગ ટેસ્ટ :-**

ડીપ ડાઈવીંગ ટેસ્ટમાં પાસ થયેલ ઉમેદવારોએ રોપ કલાઈમ્બીંગ ટેસ્ટ આપવાની રહેશે જેમાં ઉમેદવારે ૨૦ ફૂટ ઊંચા દોરડા ઉપર દોરડાને પગ ટચ કર્યા વગર ચડવાનું રહેશે. જે ઉમેદવારો આ ટેસ્ટમાં નાપાસ થશે તે ઉમેદવારોએ પરત જવાનું રહેશે. તેઓ આ તબક્કેથી બાકાત થશે અને આગળના ટેસ્ટ માટે લાયક ગણાશે નહિ.

**(૪)(B)(૪) - ૧૦૦ મીટર દોડ (હોઝ પાઈપ નોઝલ સાથે) :-**

રોપ કલાઈમ્બીંગ ટેસ્ટમાં પાસ થયેલા ઉમેદવારો એ ૧૦૦ મીટર દોડ (હોઝ પાઈપ નોઝલ સાથે) લઈને ૨૦ સેકન્ડમાં પૂરી કરવાની રહેશે. આ ટેસ્ટમાં ૨૦ સેકન્ડ થી વધુ સમય લેનાર ઉમેદવાર નાપાસ ગણાશે.

| **સમય (સેકન્ડ)** | ૨૦ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **ગુણ** | ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ | ૬૦ | ૭૦ | ૮૦ | ૯૦ | ૧૦૦ |

જે ઉમેદવારો આ ટેસ્ટમાં નાપાસ થશે તે ઉમેદવારોએ પરત જવાનું રહેશે. તેઓ આ તબક્કેથી બાકાત થશે અને આગળના ટેસ્ટ માટે લાયક ગણાશે નહિ.

**(૪)(B)(૫) -ડ્રાઇવીંગ ટેસ્ટ :-**

૧૦૦ મીટર દોડ (હોઝ પાઈપ નોઝલ સાથે) માં પાસ થયેલ ઉમેદવારોએ ડ્રાઇવીંગ ટેસ્ટ પાસ કરવાની રહેશે. જેમાં ઉમેદવારોએ ફાયર ફાઈટર નિરીક્ષક જણાવે તે મુજબ H.M.V. વાહન ચલાવી બતાવાનું રહેશે. જે ઉમેદવારો H.M.V. વાહન ટેસ્ટમાં નાપાસ થશે તે ઉમેદવારોએ ઉપરના બધા ટેસ્ટ પાસ કરેલ હશે તો પણ પસંદગી માટે / નિમણુક માટે ગેરલાયક ગણવામાં આવશે.

સ્વીમીંગ ટેસ્ટ તથા ડ્રાઇવીંગ ટેસ્ટમાં મેરીટમાં આવેલ હશે તો પણ H.M.V. વાહન સહિત અન્ય શારીરિક ટેસ્ટમાં પાસ થવાનું ફરજિયાત છે. અન્યથા નિમણુંક માટે ગેરલાયક ઠરશે.

**(૫) કોમ્પ્યુટર જ્ઞાન અંગેની લાયકાત :-**

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નં.સીઆરઆર/૧૦-૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી કે વખતોવખત નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન (બેઝિક નોલેજ) ધરાવતાં હોવા અંગેનું કોઈપણ તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેનું કોઈપણ ડીગ્રી અથવા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેના પ્રમાણપત્રો અથવા ધોરણ - ૧૦ અને ધોરણ - ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેના પ્રમાણપત્રો ધરાવતાં હોવા જોઈએ. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતાં ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ નિમણુંક મેળવતાં પહેલાં આવું પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહી. કોમ્પ્યુટર જ્ઞાન અંગે વખતો વખત સરકાર દ્વારા નિયત કરાયેલ પરીક્ષા પણ ઠરાવેલ સમય મર્યાદામાં અચુક પસાર કરવાની રહેશે. ઠરાવેલ પરીક્ષા પાસ ન કરનારની નિમણુક રદ કરવામાં આવશે.

(૬) **<u>પસંદગીની પધ્ધતિ નીચે મુજબ રહશે.</u>**

**લાયકાત ધરાવતા ઉમેદવારોની શારીરિક તપાસ અને તમામ શારીરિક કસોટીમાં આગળ દર્શાવેલ (૪) (A) અને (૪)(B) (૧) થી (૪)(B) (૫) ના તમામ ટેસ્ટમાં સફળ થયેલા ઉમેદવારોની પસંદગી માટે મેરીટ લીસ્ટ નીચેની વિગતે રહશે. તથા મુદા નં. (૩) માં દર્શાવેલી તમામ લાયકાતો ધરાવનાર તથા કસોટીઓમાં સફળ રહેલ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ બનશે.**

<u>A) શારીરિક ક્ષમતાની કસોટીના ગુણ નીચે મુજબ રહેશે</u>.

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| સ્વીમીંગ ટેસ્ટના ૧૦૦ ગુણ | ૧૦૦ મીટર રનીગ વિથ હોઝ પાઈપ ટેસ્ટના ૧૦૦ ગુણ | કુલ ૨૦૦ |

(૭) **હિન્દી અને ગુજરાતી ભાષાનું પુરતું જ્ઞાન અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ.**

(૮) **<u>રાષ્ટ્રીયતા - ઉમેદવાર</u>**

(ક) ભારતનો નાગરીક હોય, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન હોય, અથવા

(ઘ) તિબેટનો નિર્વાસીત હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સન-૧૯૬૨ જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલા ભારતમાં આવ્યો હોય, **<u>અથવા</u>**

(ચ) મુળ ભારતની વ્યક્તિ હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનીયા નું સંયુક્ત પ્રજાસત્તાક (અગાઉના ટાન્ગનીકા અને ઝાંઝાબાર), ઝામ્બીઆ, મલાવી, ઝેર, ઇથિયોપિયા જેવા પૂર્વ આફ્રીકાના દેશો અને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવેલ હોય, પરંતુ (ખ), (ગ), (ઘ) અને (ચ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર જેની તરફેણમાં રાજ્ય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય તેવી વ્યક્તિ હોવી જોઇએ,

(૯) **<u>વયમર્યાદા :-</u>**

(a) ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી હોવી જોઈએ નહી અને વધુ માં વધુ વય ૩૩ વર્ષ પત્રકમાં દર્શાવેલ વિગતે હોવી જોઈએ.

(b) સરકારી કે અન્ય મહાનગરપાલિકાના કાયમી કર્મચારીઓ અરજદાર થાય તો તેમના કિસ્સામાં વધુમાં વધુ ૩૮ વર્ષ સુધીની છૂટ છાટ મળવાપાત્ર થશે.

(c) જામનગર મહાનગરપાલિકા ખાતે ફરજ બજાવતા કાયમી કર્મચારી જો ઉમેદવારી નોંધાવે તો તેઓના કિસ્સામાં તેઓ જાહેરાત આપ્યાની તારીખે ફરજમાં ચાલુ હોવા જોઈએ તેમજ તેઓ પોતે ફાયરમેન-કમ-ડ્રાઇવર વર્ગ-૩ ની જાહેરાતમાં દર્શાવ્યા મુજબની તમામ લાયકાત ધરાવતા હોય માત્ર તેવા કાયમી કર્મચારીઓને જ વયમર્યાદામાં વધુમાં વધુ ૪૫ વર્ષ સુધીની છૂટછાટ મળવાપાત્ર રહેશે.

(d) ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે **<u>કોઈપણ સંજોગોમાં નીચે જણાવેલ ઉમરમાં છુટ છાટ મળતી હોય તેવા કિસ્સામાં પણ જામનગર મહાનગરપાલિકાના કાયમી કર્મચારીઓના કિસ્સામાં ઉમેદવારોની વયમર્યાદા ૪૫ વર્ષ, એક્સ-સર્વિસમેનનાં કિસ્સામાં વધુમાં વધુ ૫૦ વર્ષ અને અન્ય ઉમેદવારોનાં કિસ્સામાં મહત્તમ ઉમર મર્યાદા ૩૮ વર્ષ કરતાં વધવી જોઈએ નહી.</u>**
**આ જગ્યાના ઉમેદવારોને નીચેની વિગતે વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.**

**(૧૦)** ઉપરોકત જાહેરાત માટે નીચે મુજબની વિગતે છૂટ-છાટ મળવાપાત્ર થશે.

૧. અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સા.શૈ.પ. વર્ગના ઉમેદવારને- ૦૫ વર્ષ

૨. આર્થિક રીતે નબળા વર્ગના પુરુષ ઉમેદવારોને - ૦૫ વર્ષ

૩. માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં વધુમાં વધુ ૫૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે. આ માટે ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઈએ. આ અંગેની વિગતો સબંધિત ઉમેદવારે સૈનિક તરીકે ફરજ બજાવ્યાની સમયગાળાની વિગતો આપવાની રહેશે. આ અંગેનું પ્રમાણપત્ર જીલ્લા સૈનિક કલ્યાણ અને પુન: વસવાટ કચેરી દ્વારા અધિકૃત કરેલ અધિકારીનું રજુ કરવાનું રહેશે.

**(૧૧) વયમર્યાદા માટે નિર્ધારીત તારીખ :-**

તમામ ઉમેદવારના કિસ્સામાં વયમર્યાદા માટે અરજી કરવાની અંતિમ તારીખને ધ્યાને લેવામાં આવશે વયમર્યાદા સબંધમાં અરજી કરવાની અંતિમ તારીખ **CUT-OFF DATE** ગણવાની રહેશે.

**(૧૨) <u>અજમાયશી સમયગાળો :-</u>**

આ જગાના કિસ્સામાં ૩(ત્રણ) વર્ષ નો સમયગાળા દરમિયાન અજમાયશી તરીકેનો મળવાપાત્ર પગાર રૂ. ૨૬,૦૦૦/- ફિક્સ રહેશે. અજમાયશી સમયગાળાની કામગીરી સંતોષકારક જણાયે તેમજ શાખાધિકારીશ્રીના કામગીરીના અહેવાલના આધારે રેગ્યુલર પગાર ધોરણમાં નિમણુક આપવામાં આવશે.

**(૧૩) <u>શૈક્ષણિક લાયકાત :-</u>**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય બોર્ડ / યુનિવર્સીટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. સંસ્થા અમાન્ય હોય તો આખરી નિર્ણય સક્ષમ સત્તાધિકારી કમિશ્નરશ્રીનો રહેશે. તેમાં કોઈ હક્ક દાવો કે રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ.

(૩) ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં જણાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સીટી/સંસ્થાની માર્કશીટ (બધા જ વર્ષો/સેમેસ્ટર) ના અસલ પ્રમાણપત્રો તથા તેની સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. તેમજ અનુભવ અંગેના પ્રમાણપત્રો પણ રજુ કરવાના રહેશે.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહિ.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**(૧૪) <u>ના-વાંધા પ્રમાણપત્ર :-</u>**

(૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ જામનગર મહાનગરપાલિકાની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિવસ-૭ માં અચુક કરવાની રહેશે.

(૨) ઉમેદવારે નિમણુક સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર રીલીવ આદેશ રજુ કરવાનું રહેશે.

**(૧૫) <u>ગેરલાયક ઉમેદવાર :-</u>**

(૧) જામનગર મહાનગરપાલિકા અથવા અન્ય મહાનગરપાલિકા અથવા અન્ય સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકીનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ્દ થવાને પાત્ર બનશે.

(૨) **ફરજીયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે. નિમણુંક મળ્યા બાદ આ બાબત ધ્યાન ઉપર આવશે તો નિમણુંક રદ્દ કરવામાં આવશે.

**(૧૬) <u>અગત્યની જોગવાઇઓ :-</u>**

(૧) જામનગર મહાનગરપાલિકાની પસંદગી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ ખરેખર ભરવાપાત્ર જગ્યાઓની સંખ્યા સામે જાહેરાત મુજબની લાયકાત ધરાવતા અને ઓનલાઈન ફી ભરેલ હોય તેવા તમામ ઉમેદવારોને શારીરિક ક્ષમતા / શારીરિક ધોરણોની ચકાસણી માટે કોલ-લેટર ઇસ્યુ કરવામાં આવશે. ફાઈનલ મેરીટ લીસ્ટ, ઉપરોક્ત મુદા નં.-૪(A) અને ૪(B)(૧) થી ૪(B)(૫) મુજબ શારીરિક ક્ષમતા / શારીરિક ધોરણોમાં મળેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

(૨) સરકારી / અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારો જો ઉક્ત જગ્યાએ પસંદગી પામશે તો તેઓએ મૂળ જગ્યાએથી રાજીનામું આપ્યા બાદ જ નિમણુંકની જગ્યાએ હાજર થવાનું રહેશે. તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજનો સમયગાળો નિયમબદ્ધ કરી શકાશે નહિ / ગણતરીમાં લેવામાં આવશે નહિ.

(૩) જામનગર મહાનગરપાલિકાના કાયમી ફરજ બજાવતા કર્મચારીઓના કિસ્સામાં અગાઉની બજાવેલ ફરજનો સમયગાળો નિયમબદ્ધ કરવામાં આવશે.

(૪) **<u>ફાઈનલ મેરીટ લીસ્ટ તૈયાર કરતી વખતે મુદા નં. ૬ (A) ના કુલ ૨૦૦ ગુણ મુજબ તમામ શારીરિક કસોટીમાં સફળ થયેલ ઉમેદવારોનું મેરીટ બનાવવામાં આવશે. અને કેટેગરી વાઈઝ મેરીટમાં ઉચ્ચ આવતા જગ્યાને આધીન ૩(ત્રણ) ગણા ઉમેદવારોની પ્રતીક્ષા યાદી બનાવવામાં આવશે</u>**.

(૫) ઓનલાઈન અરજી કરતા ઉમેદવારોએ અરજી ફોર્મમાં ભરવામાં આવેલ માહિતી / વિગતોમાં કોઈ ભૂલ કે ક્ષતિ કરવામાં આવેલ હશે તો તે અરજી રદ્દ કરવામાં આવશે અને આ બાબતે કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૬) યુનિવર્સીટી અથવા કોઈ સંસ્થા માર્ક્સ, **<u>ટકાવારીને બદલે CPI / CGPA / SGPA / OGPA / ગ્રેડ દર્શાવતી હોય</u>** તો તેવા કિસ્સાઓમાં ઉમેદવારે તે માર્કસને યુનિવર્સીટી અથવા સંસ્થાના માન્ય સૂત્રોમાં ટકાવારીમાં ગણતરી કરી અરજી ફોર્મમાં ટકાવારી જ દર્શાવવાની રહેશે. જો કોઈ ઉમેદવાર અરજી ફોર્મમાં **<u>CPI / CGPA / SGPA / OGPA / ગ્રેડ</u>** દર્શાવશે તો તેઓની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૭) એથ્લેટીકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનીસ, વેઇટ લીફટીંગ, રેસલિંગ, બોક્ષિંગ, સાઈક્લિંગ, જીમ્નેસ્ટીક, જુડો, રાઈફલ શુટિંગ, કબડ્ડી, ખો-ખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં (૧) આંતરરાષ્ટ્રીય / રાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનિવર્સીટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે ઉમેદવારે ઉપરોકત ૬ (A) મુજબ મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ)% ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રી ના તા. ૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક :

સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સમિતિ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

(૮) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રો કાઢી આપનાર સંસ્થાની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે જામનગર મહાનગરપાલિકાની પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. જે દરેક ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૯) સંજોગોવશાત જો કોઈ ઉમેદવારે એક થી વધુ અરજી કરેલ હશે તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી તેની સાથે નિયત ફી ભરેલ હશે તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ્દ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહિ. જો ઉમેદવાર છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ ન હોય તો આવા ઉમેદવારની અરજી માન્ય ગણાશે નહિ. જો ઉમેદવારે એક થી વધુ અરજી સાથે ફી ભરેલ હશે તો તે રીફંડ કરવામાં આવશે નહિ.

(૧૦) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો જામનગર મહાનગરપાલિકાને એપોઇન્ટમેન્ટ ઓથોરીટીનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે. અને આ માટે કોઈ કારણ આપવામાં આવશે નહિ. તેમજ ભરેલ પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહિ.

(૧૧) આ જાહેરાત માટે ફક્ત ઓનલાઈન અરજી પત્રકો જ માન્ય ગણાશે. જો અન્ય કોઈ પણ પ્રકારે અરજી પત્રકો મોકલવામાં આવશે તો તે રદબાતલ ગણાશે અને તેવા કિસ્સાઓમાં અરજી ફી પરત મળવાપાત્ર રહેશે નહિ.

**(૧૭) <u>શારીરિક ક્ષમતા / શારીરિક ધોરણો :-</u>**

(૧) શારીરિક ક્ષમતા / શારીરિક ધોરણો ની ચકાસણી જામનગર શહેર ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૨) શારીરિક કસોટી દરમ્યાન ઉમેદવારને કોઈપણ શારીરિક ઈજા થાય તો આ અંગેની જવાબદારી ઉમેદવારની પોતાની રહશે. જામનગર મહાનગરપલિકાની કોઈ જવાબદારી રહશે નહિ.

(૩) પસંદગી પામેલ / પ્રતીક્ષા યાદીમાં રાખવામાં આવેલ ઉમેદવારોને અસલ પ્રમાણપત્રો રજુ કરવાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો નિયત થયેલ સમયમર્યાદામાં રજુ કરશે નહિ તો તેઓનું નામ પસંદગી યાદી / પ્રતીક્ષા યાદીમાંથી રદ્દ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૪) પ્રતીક્ષા યાદી નિમણુંક પત્ર ઇસ્યુ કર્યાની તારીખથી ૧ (એક) વર્ષ અથવા તો તે પછીની આ જગ્યા માટેની સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે બે પૈકી જે વહેલું હોય તેના આગલા દિવસ સુધી (કચેરી સમય સુધી જ) અમલમાં રહેશે. અને ત્યાર પછી તે આપોઆપ રદ્દ ગણાશે. પસંદગી પામેલ ઉમેદવારો હાજર ન થાય અથવા તો હાજર થયા પછી તેઓની નિમણુંક કોઈ પણ કારણસર રદ્દ થાય / નોકરી છોડીને જતા રહે / અવસાનના કિસ્સામાં જ પ્રતીક્ષા યાદી માંથી નિમણુંક કરવામાં આવશે.

(૫) આ ભરતી પ્રક્રિયા બાબતે સક્ષમ સત્તાધિકારી માન. કમિશ્નરશ્રી જે નિર્ણય કરે તે આખરી અને દરેકને બંધનકર્તા રહેશે.

(૧૮) **પરીક્ષા ફી :-**

- બિન અનામત વર્ગ, સા.શૈ.પ.વ તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂ. ૫૦૦/- રહેશે. તથા અનુ. જાતિ, અનુ. જનજાતિ તેમજ માજી સૈનિક ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂ. ૨૫૦/- રહેશે.
- ઉમેદવારોએ પરીક્ષા ફી માત્ર ઓનલાઈન જમા કરાવવાની રહેશે.

(૧૯) **online અરજી કરવાની તથા online ફી ભરવાની રીત એનેક્ષર - A થી સામેલ છે. જે મુજબ ઉમેદવારોએ online અરજી ફોર્મ તથા ફી ભરવાની રહશે.**

**(૨૦) સામાન્ય શરતો :-**

(A) જાહેરાતમાં દર્શાવેલ જગા અને તેની સંખ્યામાં વધ-ઘટ કરવાની બાબતે અથવા જાહેરાત બાદ જગા ભરવી કે ન ભરવી તે બાબતે કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

(B) જાહેરાતમાં જે તે કેટેગરી માટે જે જગાઓ અનામત જાહેર કરેલ છે, તે માત્ર ગુજરાત ના અનામતમાં આવતા ઉમેદવારોને જ અનામત નો લાભ મળશે.અન્ય રાજ્યના ઉમેદવારોને અનામતનો લાભ મળશે નહી. અનામત વર્ગોના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના નિયમોનુસાર છુટછાટ મળશે.

(c) જે તે કેટેગરી માટે જો જગા અનામત તરીકે જાહેર કરવામાં ન આવી હોય તેમ છતાં સંબંધિત અનામત કક્ષાના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદા સહીતની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તો તેવા ઉમેદવારો પણ જે તે જગા માટે ઉમેદવારી નોંધાવી શકાશે.

(D) **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ના ઉમેદવારો માટે:-**

(૧) સા. શૈ. પ. વર્ગ ના ઉમેદવારોએ જાતી પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ - ક અથવા તા.૨૭-૦૪-૨૦૧૦ ના ઠરાવથી નિયત કરાયેલ પરિશિષ્ટ -૪ અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નિયત કરાયેલ પરિશિષ્ટ - ૪ મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૨) સા. શૈ. પ. વર્ગ ના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ જાહેરાતમાં ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધી માં ઇસ્યુ કરેલ હોવું જોઈએ તેમજ અરજી કરવાની છેલ્લી તારીખની પહેલાના ૩(ત્રણ) વર્ષની સમયમર્યાદા સુધી માન્ય હોવું જોઈએ અને ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ નહિ થવા અંગેના પ્રમાણપત્ર ની મહતમ અવધી ઇસ્યુ થયા સહીત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. આ પ્રમાણપત્ર ની માન્યતા / સ્વીકૃતિ તથા સમયગાળાના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો / પરિપત્રોની જોગવાઇઓ આખરી ગણાશે.પ્રમાણપત્રનો નંબર તથા તારીખ ઓનલાઈન અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે.તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવા પ્રમાણપત્રોમાં કોઈ ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાત તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સદર વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૩) પરિશિષ્ટ-ક અથવા પરિશિષ્ટ-૪ ના સ્થાને અંગ્રેજીમાં આપેલ Annexure-A નું માન્ય ગણાશે નહિ.જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ  નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહિ હોય તો તેવા ઉમેદવારોની અરજી અમાન્ય ગણવામાં આવશે. અને તેઓને બિનઅનામત જગાની સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

(૪) સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૬-૦૪-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : સશપ /૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, અને આ અંગે વખતો વખત સરકારશ્રીના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન થતા હોવાનું પ્રમાણપત્ર ઉમેદવાર ધરાવતા હોવા જોઈએ.

(E) **આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે** :

(૧) સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯ /૪૫૯૦૩/અ,તા.૧૩/૦૯/૨૦૧૯ અને ઠરાવ ક્રમાંક : ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯ /૪૫૯૦૩/અ,તા.૨૬ /૦૬/૨૦૨૦ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના સર્ટીફીકેટ ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ માટે માન્ય ગણવામાં આવશે. પરંતુ ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્યસરકારશ્રીના અનામત ના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાંહેધરી ઉકત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના પ્રમાણપત્રમાં આપવાના રહેશે.
(૨) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને તેમની આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના હોવા અંગેનું પ્રમાણપત્ર સક્ષમ સત્તા દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

(F) અરજદારે માત્ર online અરજી કરવાની રહશે. online અરજી સાથે પ્રમાણપત્ર કે દસ્તાવેજ સામેલ કરવાના રહશે નહિ.

(G) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારે ઠરાવવામાં આવે તે મુજબ નમુનામાં સારા ચારિત્ર અંગેના પુરાવા રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બનશે નહી અને આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે.

(H) ઉમેદવારને શારીરિક ક્ષમતા / શારીરિક કસોટીમાં અરજી ફી તથા અન્ય આવશ્યક જરૂરિયાત પૂર્ણ કરેલ ન હોય તો તેવા કિસ્સામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

(I) જન્મ તારીખના પુરાવા માટે SSCE નું પ્રમાણપત્ર ધોરણ ૧૦ ની માર્કશીટ અથવા ક્રેડીટ સર્ટીફીકેટ બે માંથી એક કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય તેમજ  જન્મ તારીખનો દાખલો કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ઉમરના પુરાવા માટે માન્ય ગણાશે.

(J) અનુ. જાતી, અનુ.જનજાતી, શા.શૈ.પ. અને અ.ન.વ.વર્ગના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(K) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારો તથા જામનગર મહાનગરપાલિકા ખાતે કાયમી જગા ઉપર ફરજ બજાવતા ઉમેદવારોએ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક : એફ.ઓ.એ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨ થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે.

(L) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડીસ્ચાર્જ બુકની નકલ રજુ કરવાની રહેશે.

(M) ઉમેદવારે online અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને આ વિગતોના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના પુરાવાઓ જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે "રદ" ગણવામાં આવશે.

(N) અરજદારે online અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળ થી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(O) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો **UPLOAD** કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને શારીરિક કસોટી સમયે હાજરી પત્રકમાં લગાવવાના રહેશે. તેમજ જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.

(P) ઉમેદવાર અરજી પત્રકમાં ભરતી વખતે જે મોબાઈલ નંબર / ઈ-મેઈલ આઈ.ડી. દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર એસ.એમ.એસ. / ઈ-મેઈલ આઈ.ડી. થી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલાવો નહી.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

તા. ૦૮/ ૦૯/ ૨૦૨૪
સ્થળ : જામનગર

## ANNEXURE - A

### જામનગર મહાનગરપાલિકા

Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત

**આ જાહેરાતના સંદર્ભમાં જામનગર મહાનગરપાલિકા દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે.** ઉમેદવાર તા:૧૧/૦૧/૨૦૨૪ (બપોરના ૧૨:૦૦ કલાક) થી તા:૨૫/૦૧/૨૦૨૪ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક) સુધીમાં **https://ojas.gujarat.gov.in** પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ ૧ થી ૧૪ અનુસરવાના રહેશે. કન્ફર્મેશન નંબર મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

**નોંધ :- આ વિગતો માત્ર ઉમેદવારના માર્ગદર્શન માટે છે.**

**(૧)** સૌ પ્રથમ **https://ojas.gujarat.gov.in** પર જવું.

**(૨)** **"Apply Online" Click** કરવું.
આ પ્રમાણે ક્લીક કરવાથી (૧) "More Details" તથા (૨) **"Apply Now"** બટન દેખાશે. સૌ પ્રથમ "More Details" પર **Click કરીને** જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યાર બાદ "Apply Now" બટન ક્લિક કરવું.

**(૩)** **ફાયરમેન કમ ડ્રાઇવર વર્ગ-૩** ઉપર ક્લીક કરવાથી જગ્યાની વિગતો મળશે.

**(૪)** તેની નીચે "Apply Now" ક્લીક કરવાથી **Application Format** દેખાશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. અહી લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. "**Personal Details**" માં જ્યાં મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. માંગ્યા છે તેની વિગત લખવી. જેથી જરૂર જણાયે જામનગર મહાનગરપાલિકા ઉમેદવારોનો સંપર્ક કરી શકે.

**(૫)** "**Personal Details**" ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે **"Educational Details"** પર **Click** કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

**(૬)** "Additional Qualification" પર ક્લીક કરી તે ભરવી.

**(૭)** તેની નીચે **"Self Declaration"** પર **Click** કરવું. ત્યાર બાદ **"Yes/No"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

**(૮)** હવે **"Save"** પર **Click** કરવાથી તમારી અરજી ઓનલાઈન સ્વીકાર થશે.

**(૯)** અરજી કર્યા બાદ ઉમેદવારનો **"Application Number" Generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. જો આપની અરજીમાં કોઈ સુધારા વધારા કરવાના હોય તો "Edit Application" માં જઈને કરી શકાશે. આ સુવિધા અરજી કન્ફર્મ કરતા પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી કન્ફર્મ થઈ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહિ.

**(૧૦)** હવે પેજના ઉપરના ભાગમાં **"Upload Photograph"** પર **Click** કરો. અહી તમારો **"Application Number"** ટાઇપ કરો અને તમારી **Birth date type** કરો, ત્યાર બાદ **OK** પર **Click** કરવું. અહી **Photo** અને **Signature Upload** કરવાના છે. (**Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (**Photo** અને **Signature Upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને

**Signature jpg Format** માં (૧૫ કે.બી.) સાઈઝથી વધારે નહિ તે રીતે સ્કેન કરી કોમ્પ્યુટરમાં સેવ કરેલા હોવા જોઈએ.) **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **Click** કરો. હવે **Choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **.jpg Format** માં તમારો **Photo store** થયેલ છે, તે ફાઈલને **Select** કરો અને **"Open Button"** ને **Click** કરો. હવે **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **Click** કરો. હવે તમારો **Photo** દેખાશે. હવે આજ રીતે **Singnature** પણ **Upload** કરવાની રહેશે.

**(૧૧)** હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** તથા **Birthdate type** કર્યાબાદ **OK** પર **click** કરવાથી **૨** બટન (૧) Application Preview (૨) Confirm Application દેખાશે. તે કન્ફર્મ કર્યા પછી કોઈપણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો જામનગર મહાનગરપાલિકામાં ઓનલાઈન સ્વીકાર થઇ જશે. અહી Confirmation number generate થશે. જે હવે પછીનો બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરી શકાશે નહિ. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચુક કાઢી રાખવી.

**(૧૨)** ઉમેદવારોએ "confirm" થયેલ અરજીપત્રક પોતાની પાસે સાચવીને રાખવાનું રહેશે અને જયારે પસંદગી પામેલ તથા પ્રતીક્ષા યાદીમાં રાખવામાં આવેલ ઉમેદવારોને અસલ પ્રમાણપત્રો રજુ કરવાની જાણ કરવામાં આવે ત્યારે "confirm" થયેલ અરજીપત્રક રજુ કરવાનું રહેશે.

**(૧૩)** સંજોગોવશાત, જો કોઈ ઉમેદવારે એક થી વધુ અરજી કરેલ હશે તો છેલ્લી "confirm" થયેલી અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ્દ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી "confirm" થયેલ અરજી સામે ગણવામાં આવશે નહિ. જો ઉમેદવારે છેલ્લી "confirm" થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહિ હોય તો આ ઉમેદવારની નિયત ફી સાથેની "confirm" થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એક થી વધુ અરજી સાથે ફી ભરેલ હશે તો તે રીફંડ કરવામાં આવશે નહિ.

**(૧૪)** **પરીક્ષા ફી :-**

- ફોર્મ ભરતી વખતે કેટેગરી સિલેક્ટ કરી ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- બિન અનામત વર્ગ, સા.શૈ.પ.વ તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂ. ૫૦૦/- રહેશે. તથા અનુ. જાતિ, અનુ. જનજાતિ તેમજ માજી સૈનિક ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂ. ૨૫૦/- રહેશે.
- ઉમેદવારોએ પરીક્ષા ફી માત્ર ઓનલાઈન જમા કરાવવાની રહેશે.
- પરીક્ષાની અરજી ફી ઓનલાઈન જમા કરાવવા માટે "**Online Payment of Fee**" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "**Net Banking**" અથવા "**Other Payment Mode**" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઈ છે તેવું સ્ક્રીન પર લખાયેલું આવશે અને **e-receipt** મળશે જેની **Print** કાઢી લેવી. ઉમેદવાર દ્વારા **Online** ફી ભરવામાં ભૂલ ના થાય અને તે તેના કારણે ફોર્મ રદ્દ ના થાય તે માટે પુરતી કાળજી લેવી અને **Online** ભરેલ ફી ની **e-receipt** અવશ્ય લેવી. ફી **Online** સમયસર ના ભરવાના કિસ્સામાં ઉમેદવારી રદ્દ થશે તો તે માટે પાછળથી અન્ય કોઈ રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ. જો ફી **Online** ભરવાની પ્રક્રિયામાં આપના દ્વારા કોઈ ભૂલ થશે તો સ્ક્રીન (Screen) પર આપની ફી ભરાયેલી નથી તેમ જોવા મળશે. તેથી આપે **Online** ફી ભર્યાની **e-receipt** અવશ્ય મેળવી લેવી. સંલગ્ન બેંક ચાર્જીસ ઉમેદવારે ભરવાના રહેશે. જો કોઈ ઉમેદવાર એક કરતાં વધુ અરજી માટે ફી ભરેલ હશે તો ભરેલ ફી પરત કરવામાં આવશે નહી.

**e-receipt** તથા **Confirm** થયેલ અરજી પત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને ઉમેદવારે પરીક્ષા સમયે કોલ લેટર સાથે **e-receipt** રજુ કરવાની રહેશે તેમજ જામનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે અરજી પત્રક બિડાણો સહિત તથા **e-receipt** ની નકલ સાથે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે અથવા જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં રૂબરૂ આપી જવાના રહેશે.

- **Online** સિવાય અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.
- ઓનલાઈન ફી ભરવાનો છેલ્લો સમય તા:૨૬/૦૧/૨૦૨૪ ના ૨૩:૫૯ કલાક સુધીનો રહેશે. **Online ફી** ભર્યેથી તુરંત જ **e-receipt** મેળવી લેવી.
- ફી ભરપાઈ કર્યા બાદ કોઈપણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર થશે નહીં અથવા બીજી પરીક્ષા માટે આવી ફી ને ધ્યાને લેવામાં આવશે નહીં.
- એક વખત અરજી કર્યા પછી અરજી પરત ખેંચવાની કે રદ કરવાની વિનંતી કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.
- જો ફી ભરવા સમયે ઉમેદવાર દ્વારા કોઈ પણ ભૂલ કરવામાં આવશે અને ઉમેદવારની ફી જામનગર મહાનગરપાલિકા ખાતે જમા ન થયે ઉમેદવારની અરજી ફોર્મ રદ થશે તેમજ આ બાબતેની ઉમેદવારની કોઈપણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિ. Online Fee ભરવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની પોતાની જ રહેશે જેની ખાસ નોંધ લેવી.
- ફી ભર્યા બાદ તેની "RECEIPT OF PAYMENT" ડાઉનલોડ કરવી ફરજીયાત છે.
- માત્ર ઉમેદવારની OJAS ની ઓનલાઈન અરજી "CONFIRM" કરવા માત્રથી તેની અરજી સ્વીકાર્ય રહેશે નહિ. ફી ભરાયેલ ન હોય તેવા ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહિ. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
- અરજી કન્ફર્મ કર્યા બાદ લાગત જગાની ફી ભરવી ફરજીયાત છે. તેમજ ઉમેદવારે ભરેલ ઓનલાઈન ફી ભરવામાં કોઈ પણ પ્રકારનો ટેકનીકલ ઇસ્યુ/મુશ્કેલી આવે કે ઉમેદવારના બેંક ખાતામાંથી રૂપિયા DEBIT થઇ જાય પરંતુ જામનગર મહાનગરપાલિકા ખાતે જમા ન થાય અથવા તો ઉમેદવાર "RECEIPT OF PAYMENT" ડાઉનલોડ ન કરી શકે તેવા કિસ્સામાં કોઈ પણ પ્રકારની જવાબદારી જામનગર મહાનગરપાલિકાની રહેશે નહિ. જેની ખાસ નોંધ લેવી.
- ઉમેદવારે ભરેલ ફી કે ઉપરોક્ત દર્શાવેલ કિસ્સાઓમાં કોઈ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.

**નોંધ :- ફાયરમેન કમ ડ્રાઇવર વર્ગ-૩ ની જાહેરાતની અન્ય વધુ વિગતો જામનગર મહાનગરપાલિકાની કચેરીના નોટીસ બોર્ડ અને વેબસાઈટ www.mcjamnagar.com ઉપર જોવા મળશે.**